મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

GT NEWS ગરવી તાકાત LIVE

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

૨૧-૧૨-૨૦૨૪
શનિવાર

વર્ષ : ૧૦ ★ અંક નં : ૨૬૦
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો એક આંગળીના ટેરવે
પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરો અને મેળવો તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં
Garvi Takat app

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

## સૌરાષ્ટ્રમાં સુરેન્દ્રનગર, દેવભૂમિ દ્વારકા, મોરબી, જામનગર, રાજકોટ, જુનાગઢના ખેડુતોને લાભ

# ગુજરાતમાં ભારે વરસાદથી કૃષિ નુકશાની પેટે ૭.૧૫ લાખ ખેડુતોને ૧૩૭૨ કરોડ ચુકવાયાઃ સહાય સીધી ખેડૂતોના બેંક ખાતામાં જમા કરવામાં આવી

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૦

રાજ્યમાં ગત જુલાઈમાં ૯ જિલ્લામાં ભારે વરસાદથી નુકશાન થતાં ખેડૂતો માટે રૂ. ૧૮૭.૩૭ કરોડ અને ત્યારબાદ ઓગષ્ટ-સપ્ટેમ્બરમાં થયેલા ભારે વરસાદને કારણે ૨૦ જિલ્લાના અસરગ્રસ્ત ખેડૂતો માટે ૧૧૮૪.૬૬ કરોડ મળીને આ૩ માસ દરમ્યાન થયેલા ભારેથી અતિભારે વરસાદથી ખેડૂતોને જે નુકશાન થયું હતું.

તેમાં કુલ ૧૩૭૨.૦૩ કરોડની સહાય સીધી ખેડૂતોના બેંક ખાતામાં જમા કરવામાં આવી છે. પાક નુકશાન માટે છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતના ૩૮.૯૮ લાખથી વધુ ખેડૂતોને રૂ. ૬૨૦૪ કરોડથી વધુની સહાય ચૂકવાઈ છે.

કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, ગત જુલાઈ માસમાં થયેલા ભારે વરસાદથી જૂનાગઢ, રાજકોટ, પોરબંદર, દેવભૂમિ દ્વારકા, આણંદ, ભરૂચ, સુરત, નવસારી અને તાપી જેવા ૯ જિલ્લાના ખેડૂતોને ખેતી અને ખેતીની જમીનને વ્યાપક પ્રમાણમાં નુકશાન થયું હતું.

ગુજરાત સરકારે આવા અસરગ્રસ્ત ખેડૂતોને સહાય આપવા માટે કૃષિ રાહત પેકેજની જાહેરાત કરી હતી અને ૩૦મી, ઓગસ્ટથી ૩૦મી, સપ્ટેમ્બર દરમિયાન ખેડૂતો પાસેથી અરજીઓ મંગાવવામાં આવી હતી.

**ગુજરાત સરકારે આવા અસરગ્રસ્ત ખેડૂતોને સહાય આપવા માટે કૃષિ રાહત પેકેજની જાહેરાત કરી હતી અને ૩૦મી, ઓગસ્ટથી ૩૦મી, સપ્ટેમ્બર દરમિયાન ખેડૂતો પાસેથી અરજીઓ મંગાવવામાં આવી હતી.**

જેમાં મળેલી અરજીઓ પૈકી ૧.૨૨ લાખથી વધુ ખેડૂતોને નિયમો અનુસાર મળવાપાત્ર સહાય ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા વધારાની રૂ. ૪૨.૮૫ કરોડની સહાય મળીને કુલ રૂ. ૧૮૭.૩૭ કરોડની સહાય ચૂકવવામાં આવી છે.

આ ઉપરાંત ગત ઓગસ્ટ અને સપ્ટેમ્બર માસ દરમિયાન થયેલા ભારે વરસાદમાં પંચમહાલ, નવસારી, સુરેન્દ્રનગર, દેવભૂમિ દ્વારકા, ખેડા, આણંદ, વડોદરા, મોરબી, જામનગર, તાપી, કચ્છ, દાહોદ, રાજકોટ, ડાંગ, અમદાવાદ, ભરૂચ, જૂનાગઢ, સુરત, પાટણ અને છોટા ઉદેપુરને મળી કુલ ૨૦ જેટલા અસરગ્રસ્ત જિલ્લાઓ માટે પણ ખાસ કૃષિ રાહત પેકેજ જાહેર કરવામાં આવ્યું હતું.આ ખાસ કૃષિ રાહત પેકેજ માટે આ જિલ્લાના અસરગ્રસ્ત ખેડૂતો પાસેથી પણ ૨૫મી, ઓકટોબરથી ૧૦મી, નવેમ્બર સુધી અરજીઓ મંગાવવામાં આવી હતી. જેમાં મળેલી અરજીઓ પૈકી ૫.૯૩ લાખથી વધુ ખેડૂતોને પણ નિયમો અનુસાર મળવાપાત્ર સહાય ઉપરાંત વધારાની રૂ. ૨૭૧.૧૫ કરોડની સહાય મળી કુલ રૂ. ૧૧૮૪.૬૬ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. આ સહાય માત્ર દોઢ મહિનામાં જ ખેડૂતોના સીધા બેંક ખાતામાં જમા કરવામાં આવ્યાં હતા.



### અમિત શાહ દ્વારા કરાયેલ બાબા સાહેબ આંબેડકર વિશેના નિવેદનને લઈને

## મહેસાણામાં કોંગ્રેસીઓએ પોતાના હાથમાં બાબા સાહેબની પ્રતિમા લઈને અમિત શાહ વિરૂદ્ધ હાય હાના નારા લગાવ્યા





**બાબા સાહેબ આબેડકરના ફોટો સાથે કલેક્ટરને આવેદનપત્ર આપી રજુઆત કરી હતી કે, સમગ્ર ઘટના અંગે અમિત શાહ માફી માગે તેવી માંગ દર્શાવી હતી**

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૦

કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ દ્વારા કરવામાં આવેલી બાબા સાહેબ આબેડકર વિશેના નિવેદનનો ઠેર ઠેર વિરોધ કરવામાં આવી રહ્યો છે. આજે મહેસાણા જિલ્લા કોંગ્રેસ દ્વારા ફુવારા સર્કલ પાસે એકત્રિત થઈ કોંગી આગેવાનોએ ધરણા યોજ્યા હતા. ત્યારબાદ પોતાના હાથોમાં બાબા સાહેબની પ્રતિમા લઈ અમિત શાહ વિરુદ્ધ હાય હાયના નારા લગાવ્યાં હતા.

દિલ્હીમાં ભાજપ સરકારના ગૃહમંત્રી અમિત શાહ દ્વારા કરવામાં આવેલા સાહેબ આબેડકર વિશે નિવેદન કરવામાં આવ્યું હતું. જે નિવેદનનો વિરોધ નોંધાવવા આજે મહેસાણા જિલ્લા કોંગ્રેસ દ્વારા ફુવારા સર્કલ પાસે એકત્રિત થઈ કોંગી આગેવાનો ધરણા યોજ્યા હતા. ત્યારબાદ પોતાના હાથોમાં બાબા સાહેબની પ્રતિમા લઈ અમિત શાહ વિરુદ્ધ હાય હાય ના નારા લગાવ્યાં હતા. ત્યારબાદ પુતળા દહન પણ કરવામાં આવ્યું હતું. ધરણા યોજ્યા બાદ કોંગ્રેસ આગેવાનો ફુવારાથી રેલી સ્વરૂપે મહેસાણા કલેક્ટર કચેરી ઓફિસ ખાતે સુત્રોચાર કરતા કરતા પહોચ્યા હતા. જ્યાં બાબા સાહેબ આબેડકરના ફોટો સાથે કલેક્ટરને આવેદનપત્ર આપી રજુઆત કરી હતી કે, સમગ્ર ઘટના અંગે અમિત શાહ માફી માગે તેવી માંગ દર્શાવી હતી.

### પદયાત્રાના સુચારૂ આયોજન માટે નિવાસી અધિક કલેકટર જે.કે. જેગોડાના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરી ખાતે બેઠક યોજાઇ

## વડનગર ખાતે આગામી તા. ૨૪ ડિસેમ્બરના રોજ 'સુશાસન દિવસ પદયાત્રા' યોજાશે : સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૦

વડનગર ખાતે આગામી તા. ૨૪/૧૨/૨૦૨૪ના રોજ 'સુશાસન દિવસ પદયાત્રા' નું આયોજન કરવામાં આવ્યું છે.આ પદયાત્રાના સુચારૂ આયોજન માટે આજરોજ નિવાસી અધિક કલેકટરશ્રી જે.કે. જેગોડાના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરી ખાતે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં નિવાસી અધિક કલેકટરશ્રીએ જરૂરી સૂચના માર્ગદર્શન આપ્યા હતા.

આ બેઠકમાં નિવાસી અધિક કલેકટરશ્રીએ પદયાત્રામાં થીમ આધારિત હોલ્ટ પોઈન્ટ બનાવવા, પદયાત્રા કાર્યક્રમના દિવસે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવા તથા વિવિધ ક્ષેત્રોમાં પુરસ્કાર મેળવેલ નાગરિકોને આ કાર્યક્રમમાં સામેલ કરવા જણાવ્યું હતું તેમજ કાર્યક્રમમાં શ્રમદાન, સ્વચ્છતા અભિયાન જેવી સામૂહિક પ્રવૃત્તિઓ કરવા પણ જણાવ્યું હતું.



આ બેઠકમાં પદયાત્રાના મિનિટ ટુ મિનિટ કાર્યક્રમ, ડાયસ પ્લાન, બેનર બેકડ્રોપ સ્ટેન્ડીની વ્યવસ્થાની કામગીરી, મંડપ, સ્ટેજ, માઈક સાઉન્ડ સિસ્ટમની કામગીરી, પદયાત્રાના સ્થળે સતત વીજ પુરવઠો જળવાઈ રહે તે મુજબની કામગીરી, સાંસ્કૃતિક કાર્યક્રમ, પોલીસ બંદોબસ્ત જાળવણીની કામગીરી, ટ્રાફિક નિયમનની કામગીરી, પદયાત્રીઓનું MY BHARAT પોર્ટલ પર વધુમાં વધુ રજીસ્ટ્રેશન થાય તે અંગેની કામગીરી, પીવાના પાણીની વ્યવસ્થા સહિતની બાબતો પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

આ બેઠકમાં મહેસાણા પ્રાંત અધિકારીશ્રી ઋતુરાજસિંહ જાદવ, ખેરાલુ પ્રાંત અધિકારીશ્રી તેમજ સંબંધિત વિભાગના અધિકારી/કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## નિવાસી અધિક કલેક્ટર જેગોડાએ જુડો સ્પર્ધામાં ગોલ્ડ મેડલ મેળવનાર ધ્રુવી ચૌધરીને સન્માનિત કરી અભિનંદન પાઠવ્યા

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૦

વિસનગર નૂતન સર્વ વિદ્યાલયની વિદ્યાર્થીની ધ્રુવી ચૌધરીએ તાજેતરમાં અગરતલા-ત્રિપુરા ખાતે સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા આયોજિત ૬૮મી નેશનલ સ્કૂલ ગેમ્સ અંડર-૧૭ બહેનોની જુડો સ્પર્ધામાં ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. આજરોજ કલેકટર કચેરી ખાતે નિવાસી અધિક કલેકટરશ્રી જે.કે. જેગોડાએ ધ્રુવી ચૌધરીને સન્માનિત કરી અભિનંદન પાઠવ્યા હતા.



અત્રે ઉલ્લેખનીય છે કે ધ્રુવી ચૌધરી સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા ઈન સ્કૂલ યોજના અંતર્ગત નૂતન સર્વ વિદ્યાલયમાં જુડો સ્પર્ધાની તાલીમ લઈ રહ્યા છે

**વેચવાની છે**

ઈન્ડસઈન્ડ બેંક દ્વારા નીચે જણાવેલ કબજો લીધેલ ફોર વ્હીલર વાહન વેચવાનું છે

TATA SIGMA 3525 TK
2022 MODEL
GJ 02 AT 1889

સંપર્ક હિતેશ ઠાકોર
7043332387

**સોલાર ફિલ્ડમાં નોકરીની ઉત્તમ તક**


● સોલાર પ્રોજેક્ટ એન્જીનીયર
● સોલાર ટેકનીશીયન
● O & M એન્જીનીયર
● સર્વિસ એન્જીનીયર

સોલાર ગ્રાઉન્ડ માઉન્ટેડ પ્રોજેક્ટમાં નોકરીની ઉત્તમ તક પગાર + ભથ્થા તથા અન્ય ઘણા ફાયદા સાથે

આજે જ સંપર્ક કરો તમારો બાયોડેટા મોકલો
career@zodiacenergy.com અથવા કોલ કરો
૦૭૯-૨૭૪૭૧૧૯૩/ M- 7861852575
સોલારની અથવા ઈલેક્ટ્રીકલ ફિલ્ડનો અનુભવ જરૂરી છે.
ZODIAC ENERGY LIMITED

ભારતની સૌથી અનુભવી અને વિશ્વસનીય સોલાર કંપની
ZODIAC ENERGY LIMITED
લઈને આવ્યું છે તમારા માટે સુવર્ણ તક





Zodiacની Dealership લો
(ઝીરો ઈન્વેસ્ટમેટ સાથે) અને દર મહિને
રૂા.૫૦,૦૦૦ થી પણ વધારે કમાવવાની
તક મેળવો આજે જ સંપર્ક કરો : T&C Apply
મો : 9274683417

સોલાર પાર્ક ડેવલોપમેન્ટ માટે જમીન ભાડેથી આપવા અમારો સંપર્ક કરો

૧૫ એકર કે તેથી વધુ જગ્યા ધરાવતા માલિક આજે જ સંપર્ક કરો.

મો : 7861852561
ZODIAC ENERGY LIMITIED




# પશ્ચિમી દેશો ખાલિસ્તાની તત્ત્વો પર લગામ કસે

આપણે ત્યાં બહુ ઓછું એવું થાય છે કે રાષ્ટ્રીય સુરક્ષા માટે પેદા થતા ખતરાને સમય રહેતાં જ સમાપ્ત કરી લેવાય, પરંતુ કમ સે કમ આ વખતે એવા પ્રયાસો થતા દેખાઈ રહ્યા છે. એ અંતર્ગત ખાલિસ્તાની પ્રચારક અમૃતપાલ સિંહના કેટલાક સાથીઓને પકડીને અસમની દિબ્રૂગઢ જેલમાં ધકેલી દેવાયા છે અને અમૃતપાલને પણ ધરપકડ કરવા હરસંભવ પ્રયાસો થઈ રહ્યા છે. તેમાં કેન્દ્રીય એજન્સીઓ પણ પંજાબની મદદ કરી રહી છે. રાષ્ટ્રહિતમાં આ કેન્દ્ર અને રાજ્ય સરકાર વચ્ચે તાલમેલનું એક સારું ઉદાહરણ છે, જેનું અન્ય રાજ્ય સરકારોએ પણ અનુકરણ કરવું જોઈએ. જો અમૃતપાલ સિંહ અને તેના સાગરિતો પર સંકજો ન કસાયો હોત તો અજનાલા થાણા પર હુમલા બાદ ખાલિસ્તાની તત્ત્વોનો જુસ્સો બુલંદ થઈ ગયો હોત અને પંજાબ પોલીસ તેમના દબાણમાં આવી જાત. તેનું પરિણામ પંજાબમાં ઓપરેશન બ્લૂ સ્ટાર પહેલાંના માહોલ રૂપે થઈ શકતી હતી, જ્યારે સ્થાનિક પોલીસ મહિનાઓ સુધી સુવર્ણ મંદિરની અંદર લઈ જવાતા દારૂગોળાની પૂરી જાણકારી હોવા છતાં પણ કશું નહોતી કરી શકી. ત્યારે ખાલિસ્તાન સમર્થક તત્ત્વ પોલીસ પર એટલા હાવી થઈ ગયા હતા કે પોલીસ અધિકારીઓની હત્યા સામાન્ય હતી. પોલીસ આઈજી અટવાલની સુવર્ણ મંદિરના આંગણામાં કરાયેલ હત્યા બાદ પોલીસ તેમની લાશ ઉઠાવવાની પણ હિંમત નહોતી કરી શકી. જો એ સમયે જરનૈલ સિંહ ભિંડરાંવાલે અને અમરીક સિંહ જેવાઓનું રાજકીય સ્વાર્થ ખાતર તુષ્ટીકરણ ન કરવામાં આવ્યું હોત તો બ્લૂસ્ટાર જેવી દુર્ભાગ્યપૂર્ણ સૈન્ય કાર્યવાહીની નોબત જ ન આવી હોત.

છેલ્લા કેટલાક સમયથી પંજાબમાં ફરીથી એવાં જ લક્ષણો દેખાવા લાગ્યાં હતાં. શિવસેના નેતા સુધીર સૂરીની હત્યા મીડિયાના કેમેરા અને ડઝનભરથી વધુ પોલીસોની હાજરીમાં કરી દેવામાં આવી. પંજાબ પોલીસના ગુપ્તચર વિભાગના મુખ્યાલય પર રોકેટ લોન્ચરથી હુમલો થયો અને પાકિસ્તાન તરફથી આવનારા ડ્રોનની ઘૂસણખોરીની સંખ્યામાં વધારો થઈ રહ્યો હતો. તોડા દિવસ પહેલાં પાકિસ્તાનથી આવેલા એક ભારે ડ્રોનને ભારતીય સુરક્ષા દળોએ પકડ્યું હતું, જેની સાથે એકે-૪૭ રાઈફલ બંધાયેલી હતી. અજનાલા થાણા પર શ્રી ગુરુ ગ્રંથ સાહિબને આગળ રાખીને કઈ રીતે હુમલો કરવામાં આવ્યો, તે તો બધાએ જોયું જ હતું. અજનાલામાં ખાલિસ્તાન સમર્થકોને મળેલી સફળતા બાદ ખતરો એ બની ગયો હતો કે આ પ્રકારે ધાર્મિક પ્રતીકોને આગળ રાખીને જો અલગતાવાદી તત્ત્વો સડકો પર હિંસા કરવા લાગે તો શાસન-પ્રશાસન માટે કાયદો-વ્યવસ્થા જાળવી રાખવી મુશ્કેલ થઈ જાત અને મોટા પાયે હિંસા ભડકી શકતી હતી.

પંજાબ પોલીસની કાર્યવાહી બાદ ‘વારિસ પંજાબ દે’ની કમર તો તૂટી છે, પરંતુ ખાલિસ્તાની આતંકવાદનો ખતરો પંજાબમાંથી સંપૂર્ણ રીતે ટળ્યો નથી. એ સાચું કે આ સંગઠન વિરુદ્ધ કાર્યવાહી બાદ પણ પંજાબમાં અપેક્ષાથી વધુ શાંતિ બની રહી, પરંતુ આપણે એ ન ભૂલવું જોઈએ કે બ્લૂ સ્ટાર જેવી મોટી કાર્યવાહી બાદ પણ પંજાબની સડકો પર એવો ભારે વિપ્લવ ન જોવા મળ્યો, જેવો સુરક્ષા એજન્સીઓને અંદેશો હતો, પરંતુ સમય વીતાની સાથે ખાલિસ્તાની આતંકીઓએ નેતાઓ, સરકારી અધિકારીઓ અને નિર્દોષ લોકો, વિશેષ કરીને હિંદુ અલ્પસંખ્યકો પર ઘાત લગાવીને હુમલા શરૂ કરી દીધા હતા. સંત હરચરન સિંહ લોંગોવાલ જેવા સન્માનિત શીખ નેતાની પણ હત્યા ખાલિસ્તાનીઓએ જ કરી હતી. એવામાં કેન્દ્ર અને રાજ્યની સુરક્ષા એજન્સીઓએ નિરંતર સજાગ રહેવું જોઈએ, પરંતુ ઘરેલુ મોરચા કરતાં વધુ ખતરો પ્રવાસી ભારતીયો, ખાસ કરીને હિંદુઓ માટે દેખાઈ રહ્યો છે. વિદેશમાં સક્રિય ખાલિસ્તાની સંગઠન ન માત્ર ખાલિસ્તાનના નામ પર એક ગેરકાયદે જનમત સંગ્રહ કેનેડા, બ્રિટન, ઓસ્ટ્રેલિયા જેવા દેશોમાં કરાવી રહ્યા છે, બલ્કે ઘણા સમયથી ભારતીય દૂતાવાસો, હિંદુ મંદિરો અને ભારતીય સમુદાયના લોકોને આ દેશોમાં નિશાનો બનાવી રહ્યા છે. ‘વારિસ પંજાબ દે’ પર સુરક્ષા એજન્સીઓની કાર્યવાહી બાદથી એવી ઘટનાઓમાં તેજી આવી છે.

ખાલિસ્તાન સમર્થકો દ્વારા લંડનમાં ભારતીય દૂતાવાસમાં તોડફોડ કરવામાં આવી અને તિરંગો હટાવીને ખાલિસ્તાની ઝંડો ફરકાવવામાં આવ્યો. અમેરિકાના સાનફ્રાન્સિસ્કોમાં પણ ખાલિસ્તાનીઓ દ્વારા ધારદાર હથિયારો સાથે ભારતના વાણિજ્યિક દૂતાવાસ પર હુમલો કરવામાં આવ્યો. આ બંને મામલે સંબંધિત પોલીસ દળ સ્થળ પર ગેરહાજર હતા, જ્યારે ભારતીય રાજદ્વારી મિશનોને વિભિન્ન પ્રકારના આતંકી ખતરા હોય છે. એવામાં પશ્ચિમી જૂથના આ દેશો દ્વારા ભારતીય રાજદ્વારી મિશનોને ઉચ્ચ સ્તરીય સુરક્ષા વિના રેઢાં મૂકવાં ચિંતાજનક છે. જો આ બધું રશિયા-યુક્રેન વિવાદ પર પશ્ચિમની લાઈન પર નહિ ચાલવાનું પરિણામ હોય તો તે બહુ અપરિપક્વ કૂટનીતિ છે, જે અમેરિકા, બ્રિટન અને ઓસ્ટ્રેલિયા જેવા દેશોની ભારતીય જનતામાં છબિ ખરાબ કરી શકે છે.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

# વિજાપુર તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સોખડા આયુષ્યમાન આરોગ્ય મંદિરનું દિલ્હીની ટીમે દ્વારા નેશનલ લેવલ NQAS એસેસમેન્ટ કરાયું

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૦

મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સોખડા ખાતે આજ રોજ દિલ્હીની એન.એચ.એસ.આર.સી.ની ટીમ દ્વારા નેશનલ લેવલના એસેસમેન્ટની કામગીરી કરવામાં આવી હતી. જેમા દિલ્હી એન. એચ. એસ. આર.સી. ખાતેથી આવેલ સંજુ લતા ભારગવા અને ડૉ. પ્રેમ સિંઘ દ્વારા સોખડા આયુષ્યમાન આરોગ્ય મંદિરનુ એસેસમેન્ટ કરવામાં આવ્યુ હતુ.




દિલ્હીની ટીમ દ્વારા (૧) સગર્ભા માતાની તેમજ પ્રસુતિ તથા પ્રસુતિ પછીની સાર સંભાળ (૨) નવજાત શિશુ અને ૧ વર્ષથી નાના બાળકની આરોગ્યની સાર સંભાળ (૩) રસીકરણ સહિત બાળ-સંભાળ અને કિશોર-કિશોરીઓની પુરતી આરોગ્ય સેવાઓ (૪) કુટુંબ કલ્યાણને લગતી સેવાઓ તેમજ તેને લગતી આરોગ્ય સેવાઓ (૫) સામાન્ય રોગચાળા દરમ્યાન આપવાની થતી સેવાઓ તેમજ સામાન્ય બીમારીઓના ઉપચાર (૬) રાષ્ટ્રીય આરોગ્ય કાર્યક્રમોનું સઘન સંચાલન,જેમાં સંચારી અને રોગચાળા (૭) ડાયાબીટીસ, હાયપર ટેન્શન,કેન્સર જેવા નોન કમ્યુનીકેબલ (બિન સંચારી) રોગોનું નિદાન તેમજ સારવાર (૮) આંખ, નાક, કાન તથા ગળાને લગતી બિમારી અને રોગોનું સ્ક્રીનીંગ, નિદાન તેમજ સારવાર (૯) દાંતના આરોગ્યને સબંધિત સેવાઓ (૧૦) માનસિક આરોગ્યને લગતી બિમારીઓનું નિદાન તેમજ સારવાર (૧૧) વધુ વય ધરાવતા (વૃધ્ધ) વ્યક્તિઓ માટે ઉંમરને સંલગ્ન સારવાર (૧૨) ઈમરજન્સી સેવા જેવી તમામ ટીમ દ્વારા આરોગ્ય કેન્દ્રમાં પાયાની સુવિધાથી લઈ આરોગ્યની સેવાનું નિરીક્ષણ કરાયું હતું.

આ અંગે ઈન્ચાર્જ જીલ્લા ક્વોલીટી એસ્યોરન્સ મેડિકલ ઓફિસર ડૉ.કૌશિક ગજજર ના જણાવ્યા મુજબ ક્વોલીટી સર્ટીફીકેટ એવી આરોગ્ય સંસ્થાઓને મળે છે.જેમના દ્વારા ઉત્તમ કક્ષાની આરોગ્યની સુવિધા અને સારવાર દર્દીઓને આપવામાં આવતી હોય છે.ક્વોલીટી સર્ટીફીકેટ મેળવેલ સંસ્થાઓ દ્વારા જુદા જુદાવિભાગોના ઈન્ડિકેટરોમાંથી પસાર થવાનુ હોય છે.ત્યારબાદ નેશનલ લેવલથી ઉચ્ચ અધિકારીઓની ટીમ મારફત ફેસીલીટીની સંપુર્ણ ચકાસણી બાદ નેશનલ લેવલ એન.કયુ.એ.એસ.સર્ટીફીકેટ એનાયત કરવામાં આવે છે.આ સર્ટીફીકેટ માટે સંસ્થાની બિલ્ડીંગ,પાયાની સુવિધાઓ,સ્વચ્છતા,મેડિકલને લગતી પુરતી સેવાઓ,આરોગ્ય કર્મચારીઓને પુરતી આરોગ્યલક્ષી જાણકારી, મેડિકલ ઈમરજન્સી વખતે લાભાર્થીને જરૂરી સારવાર તથા તમામ પ્રકારની જાણકારીનુ નેશનલ લેવલના અધિકારીઓ દ્વારા એસેસમેન્ટ કર્યા બાદ આ સર્ટીફીકેટ આપવામાં આવતુ હોય છે.

કલેકટરશ્રી એમ.નાગરાજન અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડૉ.હસરત જૈસ્મીનના માર્ગદર્શન હેઠળ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.મહેશ કાપડિયા,ઈન્ચાર્જ જીલ્લા ક્વોલીટી એસ્યોરન્સ મેડિકલ ઓફિસર ડૉ.કૌશિક ગજજર વિજાપુર તાલુકા આરોગ્ય અધિકારી ડો.ચેતન પ્રજાપતિ ના પ્રયાસ થકી એન.ક્યુ.એ. એસ.એસેસમેન્ટ કરવામાં આવ્યુ હતુ. દિલ્હીની ટીમ દ્વારા આ આરોગ્ય કેન્દ્રનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતુ.જેમાં ઈન્ચાર્જ જિલ્લા ક્વોલિટી એસ્યોરન્સ મેડિકલ ઓફિસર, વિજાપુર તાલુકા આરોગ્ય અધિકારી સહિત આરોગ્ય કેન્દ્રનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

# ગત વર્ષનો ડિસેમ્બર હુંફાળો... તો ચાલુ વર્ષનો ભારે ઠંડોબોળ!

## ગયા ડિસેમ્બરમાં રાજકોટમાં તા.૧૨/૧૨નાં રોજ લોએસ્ટ-૧૩ ડીગ્રી તાપમાન નોંધાયેલ: જયારે ચાલુ વર્ષે પાંચ વખત સિંગલ ડીઝીટમાં તાપમાન નોંધાયુ

(ગરવી તાકાત) અમદાવાદ તા.૨૦

ગ્લોબલ વોર્મિંગની અસર હેઠળ સર્વત્ર હવામાનમાં સતત ફેરફાર જોવા મળી રહ્યો છે. જયાં બારેમાસ ગરમી હોય ત્યાં ભારે વરસાદ અને વરસાદ હોય ત્યાં હવે દુષ્કાળ જેવી સ્થિતિ સર્જાવા લાગી છે.

રાજકોટની જ વાત કરીએ તો રાજકોટ શહેરમાં ગત વર્ષે ડિસેમ્બર માસ માત્ર ‘હુંફાળો’ રહ્યો હતો. તેની સામે ચાલુ વર્ષે ચાલી રહેલા ડિસેમ્બર માસ દરમ્યાન આજ સુધીમાં રાજકોટ શહેરમાં સિંગલ ડીઝીટમાં પાંચ વખત તાપમાન નોંધાઈ ગયું છે. આથી કડકડતી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે.



સ્થાનિક હવામાન વિભાગમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ચાલુ વર્ષે તા.૧૨ ડિસેમ્બરે માત્ર ૧૩ ડીગ્રી લોએસ્ટ તાપમાન નોંધાયું હતું અને આખા ડિસેમ્બર દરમ્યાન સરેરાશ ૧૫.૨ ડિગ્રી, લઘુતમ તાપમાન રહ્યુ હતું.


તેની સાથે ચાલુ વર્ષે રાજકોટમાં ડિસેમ્બરની શરૂઆતથી જ તિવ્ર ઠંડી પડી રહી છે. ચાલુ વર્ષે પાંચ વખત સિંગલ ડીઝીટમાં તાપમાન નોંધાઈ ચૂકયું છે અને હજુ પણ કોલ્ડ વેવની આગાહી હોય સિંગલ ડીઝીટ તાપમાનની સંખ્યા વધી શકે છે.

સ્થાનિક હવામાન વિભાગનાં જણાવ્યા મુજબ ચાલુ વર્ષે તા.૧૧ ડિસેમ્બરે ૯.૭, તા.૧૨મીએ ૯.૧, તા.૧૩મીએ ૯.૮, તા.૧૮મીએ ૯.૩ ડીગ્રી અને તા.૨૦મીએ ૯.૫ ડીગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું.

# ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવે થોડી ધીરજ અને સમજ રાખે તો નિરાશ થવાની જરૂર નથી- ખેડુત પટેલ જયંતીભાઈ ઇશ્વરભાઇ

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૦

મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકામાં પટેલ જયંતીભાઈ ઈશ્વરભાઈ ના દેવનંદન મોડલ ફાર્મમાં બે ગાયો ના ગૌમુત્ર અને જીવામૃત બનાવીને ખેતી કરનારા મનોજભાઈ પટેલ જીવામૃત બનાવે છે તેઓ એક એકર જમીનમાં આચ્છાદનથી ખેતી પદ્ધતિ જંગલ મોડલ એપાર્ટમેન્ટ આધારિત સરગવો, મરચા, દાડમ ગૌમૂત્રના ડ્રીપ ઈરીગેશન થી કરી રહ્યા છે.....



દુધી ,ગલગોટો, પપૈયા ,રીંગણ, ટામેટા, મરચી ,ગલકા ,તુરીયા ,કારેલાની ત્રીસ્તરીય જંગલ આધારિત ખેતી થી ૮૦૦ ઉપરાંત વિવિધ છોડ હળદર ,આદુ, આંબા જેવા છોડ તેમજ એપાર્ટમેન્ટ ટાઈપની ખેતી જેમાં જમીનમાં છોડ ઝાડ અને વિનાથી ખેતી કરાઈન છે પહેલા ઝાડ છોડ અને જમીન આધારિત ખેતી તમે જોઈ શકો છો

ખેડુત પટેલ જયંતીભાઈ ઈશ્વરભાઈ કહે છે એમ પ્રાકૃતિક કૃષિ મોડેલ તરીકે અમે ખેતર વિકસાવી રહ્યા છીએ. દેવનંદન મારી ઈન્ડસ્ટ્રી છે પણ ખેડૂતના દીકરા તરીકે વિચાર આવ્યો કે ખેતી એવી કરું કે અન્ન ખેડૂતોની પ્રેરણા મળે એ એસઆઈ થી બે અઢી વર્ષથી સંપૂર્ણ ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે રાજ્યપાલ શ્રી કૃષિનો પ્રચાર કરી રહ્યા છે તે અમે અહીં કરી રહ્યા છીએ. ગાય તો આપણું ઘરેણું છે આજે મારા ઘેર ૨૮ ગાયો છે. આ પ્રાકૃતિક મોડલમાં દૂધ ના આપતી ગાયો બે ગાયો ના ગૌમૂત્ર અને છાણથી કેવો વિકાસ થાય એનો ઉપયોગ કેવો થાય એ આ ટોટલ ત્રણ વીઘા જમીનમાં મલ્ટી લેવલ પ્રાકૃતિક કૃષિના પ્રયોગથી અમે બતાવી રહ્યા છીએ. બાગાયતની ખેતી કરી છે તેમજ અનાજની પણ ખેતી કરી છે.

ખેડૂતોએ નિરાશ થવાની જરૂર નથી સરકારનો ખૂબ જ સપોર્ટ છે આજની પેઢીને વિદેશની ઘેલછા છે. ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવે થોડી ધીરજ અને સમજ રાખે તો નિરાશ થવાની જરૂર નથી. દેશ આઝાદ થયો ત્યારે ૧૯૭૦માં જમીનમાં કાર્બન ૩% હતું જ્યાં જ એક ટકાથી ઓછું છે પણ જો ગાયના જીવામૃત અને ઘરના બનાવીને ઉપયોગ કરીએ તો જમીનની ક્ષમતા વધી જશે કોઈપણ જાતનો રોગ જમીનમાં નહીં થાય વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીનું વિઝન છે વિકસિત ભારત અને સુખી ભારત એ વિશ્વને ગુજરાત અને દેશમાંથી પ્રેરણા આપણાથી મળી શકશે ખેડૂતોને મારે એટલું જ કહેવું છે કે બે થી અઢી વીઘા જમીન ઓછી નથી પ્રાકૃતિક કૃષિમાં બેડ આધારિત પદ્ધતિમાં મૂળ છોડ વેલાથી શાકભાજી વગેરે કરીએ તો શું થાય ખેડૂતોને નિરાશ થવાની જરૂર નથી બિઝનેસમેનની જેમ કામ કરે તો પ્રાકૃતિક ખેતી થી બિઝનેસમેન જેવી જિંદગી જીવી શકાય છે અમે ડ્રીપ ઈરીગેશનથી ખેતી કરીએ છીએ પ્રાકૃતિક ખેતી થી વિકાસ થઈ શકે છે.

# કમુર્હુતા પછી તુર્ત જ ગુજરાત ભાજપને નવા પ્રદેશ પ્રમુખ મળશે: કેન્દ્રીય નિરીક્ષકો ગુજરાત આવશે

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૦

ગુજરાત ભાજપમાં સંગઠનની પ્રક્રિયા તેજ બનાવાયા બાદ હવે પ્રદેશ પ્રમુખની નિયુક્તિ માટે પણ ચક્રો ગતિમાન થઈ ગયા છે.

એક વખત જિલ્લા અને મહાનગરના ૫૦ ટકા પ્રમુખો નિયુક્ત થઈ જાય કે તુર્તજ પ્રદેશ પ્રમુખની પસંદગીની પ્રક્રિયા શરુ થશે જેમાં ૧૪ જાન્યુઆરી બાદ કેન્દ્રીય નિરીક્ષકો ગુજરાત આવશે અને તે સપ્તાહમાં જ નવા પ્રદેશ પ્રમુખની નિયુક્તિ થઈ જશે જયારે જાન્યુઆરીના અંત સુધીમાં નવા રાષ્ટ્રીય પ્રમુખ મળશે.

# ગ્રહોનો રાઝ આપની આજ




**મેષ (અ,લ,ઇ) :** મધ્યમ દિવસ ,સામાજીક બાબતોમાં લાભ મેળવી શકો, આર્થિક બાબતો ખર્ચાળ રહે, મહિલાઓએ શાંતિ જાળવવી

**વૃષભ (બ,વ,ઉ) :** કનિષ્ઠ દિવસ, કોઇ બિન જરૂરી મુડીરોકાણ કરવું નહીં, સામાજીક બાબતો કષ્ટપ્રદ રહે, મહિલા વર્ગને કલહ ટાળવો

**મિથુન (ક,છ,ઘ) :** કનિષ્ઠ દિવસ, સામાજિક બાબતોમાં દોડધામ રહે,આર્થિક પાસુ ખર્ચાળ , મહિલા વર્ગને યથાવત

**કર્ક (ડ,હ) :** ઉત્તમ દિવસ,સામાજિક માનપ્રતિષ્ઠા મેળવી શકશો આર્થિક બાબતો શ્રેયકર , મહિલાઓને પ્રવાસ લાભ

**સિંહ (મ,ટ) :** ઉત્તમ દિવસ,કોઇ અનપેક્ષિત આર્થિક લાભ મેળવી શકશો,સામાજિક બાબતો ઉત્સાહ પ્રેરક રહે,મહિલાઓને મધ્યમ

**કન્યા (પ,ઠ,ણ) :** ઉત્તમ દિવસ,કોઇ સામાજિક કાર્ય પાર પાડી શકો, આર્થિક પાસુ ખર્ચાળ રહેશે, મહિલાઓ માટે લાભકારી

**તુલા (ર,ત) :** કનિષ્ઠ દિવસ,કોઇ આકસ્મિક ખર્ચ આવી પડે,સામાજિક બાબતો ખર્ચાળ ,મહિલા વર્ગને શાંતિ સેવવી

**વૃશ્ચિક (ન,ય) :** ઉત્તમ દિવસ, મોસાળ શ્વસુરપક્ષે કોઇ આર્થિક લાભ મળે,સામાજિક બાબતો શ્રેય કર, મહિલાને આનંદપ્રદ દિવસ

**ધન (ભ,ધ,ફ) :** ઉત્તમ દિવસ, આર્થિક પાસુ સાનુકુળ રહેશે,સામાજિક બાબતો યથાવત ,મહિલા વર્ગને પ્રવાસ સુખ`

**મકર (ખ,જ) :** ઉત્તમ દિવસ, સામાજિક માનપ્રતિષ્ઠાનો પ્રસંગે બને ,આર્થિક પાસુ સાનુકુળ ,મહિલા વર્ગને પરિવાર સુખ

**કુંભ (ગ,શ,સ) :** મધ્યમ દિવસ, સામાજીક કાર્ય પાર પાડી શકશો, પણ આર્થિક પાસુ ખર્ચાળ રહેશે, મહિલા વર્ગને શ્રેયકર દિવસ.

**મીન (દ,ચ,ઝ,થ) :** ઉત્તમ દિવસ , કોઇ ભૂતકાલીન રોકાણનો લાભ મેળવી શકશો, સામાજિક સરળતા, મહિલા વર્ગને આનંદપ્રદ દિવસ



# ફિલ્મી ગપશપ

**આ વર્ષે ફરી એકવાર તેલુગુ ફિલ્મોના હિન્દી ડબ વર્ઝન બન્યા નંબર વન**

## ‘બાહૂબલી - ૨’ બાદ ‘પુષ્પા - ૨’નાં હિન્દી ડબ વર્ઝને કમાણીના મામલે તમામ ફિલ્મોને પાછળ છોડી!

મુંબઈ,તા.૨૦

વર્ષ ૨૦૧૭ માં રિલીઝ થયેલી તેલુગુ ફિલ્મ બાહુબલી ૨ના હિન્દી ડબ વર્ઝને ૫૧૧ કરોડ રૂપિયાની કમાણી કરી હતી. ગયાં વર્ષે પ્રજાસત્તાક દિવસે શાહરૂખ ખાનની પઠાણ રિલીઝ થઈ તે પહેલાં, બાહુબલી ૨ લગભગ પાંચ વર્ષ સુધી હિન્દી બોક્સ ઓફિસ પર સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ રહી હતી. જો કે ગત વર્ષે પઠાણ બાદ તેનો રેકોર્ડ ગદર ૨, જવાન અને એનિમલે તોડ્યો હતો.

આ રીતે જવાને સૌથી વધુ કમાણી કરનાર હિન્દી ફિલ્મનો ખિતાબ જીત્યો હતો. પરંતુ આ વર્ષે સ્ત્રી ૨ એ ૬૨૭ કરોડની કમાણી સાથે કિંગ ખાનની જવાનને પછાડીને સૌથી વધુ કમાણી કરનાર હિન્દી ફિલ્મ બની હતી. જો કે, આ ટાઈટલ લાંબા સમય સુધી સ્ત્રી ૨ ના નામે રહ્યું ન હતું.

તાજેતરમાં, અલ્લુ અર્જુનની ફિલ્મ પુષ્પા ૨ ના હિન્દી ડબ વર્ઝને આ બાબતમાં સ્ત્રી ૨ ને પાછળ છોડી છે. મતલબ કે ફરી એકવાર હિન્દી બોક્સ ઓફિસ પર સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મનું ટાઈટલ તેલુગુ ફિલ્મનાં હિન્દી ડબ વર્ઝનના નામે છે.એવું માનવામાં આવે છે કે, પુષ્પા ૨ના જબરદસ્ત ક્રેઝ અને ક્રિસમસ અને નવાં વર્ષની રજાઓને કારણે પુષ્પા ૨નું કુલ કલેક્શન રૂ.૭૦૦ કરોડને પાર કરી શકે છે. કેટલાક ફિલ્મ ટ્રેડ એક્સપર્ટ્સ તો ૮૦૦ કરોડ રૂપિયાથી પણ વધુ થવાની આગાહી કરી રહ્યાં છે.આનો અર્થ એ થયો કે આગામી કેટલાક વર્ષો સુધી હિન્દી બોક્સ ઓફિસ પર સૌથી વધુ કમાણી કરનાર ફિલ્મનો રેકોર્ડ ફરી એકવાર તેલુગુ ફિલ્મનાં હિન્દી ડબ વર્ઝનના નામે થવા જઈ રહ્યો છે. ફિલ્મ જગતનાં નિષ્ણાતોની વાત માનીએ તો દેશનાં ૧૦ થી વધુ રાજ્યોમાં મોટી સંખ્યામાં હિન્દી ભાષી પ્રેક્ષકોની સંખ્યાને જોતાં દક્ષિણ સિનેમાનાં સ્ટાર્સમાં તેમની ફિલ્મોને હિન્દીમાં ડબ કરીને રિલીઝ કરવાનો ટ્રેન્ડ વધી ગયો છે. આગામી વર્ષોમાં, દક્ષિણ સિનેમાનાં ઘણાં સ્ટાર્સ તેમની હિન્દીમાં ડબ કરેલી ફિલ્મો રિલીઝ કરવાનું વિચારી રહ્યાં છે. હિન્દી પ્રેક્ષકો સાથે જોડાણ વધારવા માટે, તેઓ તેમની ફિલ્મોમાં મુખ્ય અભિનેત્રીઓ, સહ-અભિનેતાઓ અથવા વિલન તરીકે બોલિવૂડ સ્ટાર્સને પણ સામેલ કરી રહ્યાં છે. આ ઉપરાંત તેઓ હિન્દી ભાષી પ્રેક્ષકોને આકર્ષવા માટે અન્ય વિવિધ પદ્ધતિઓનો પણ ઉપયોગ કરે છે.

બોલિવૂડ સ્ટાર તેમની ફિલ્મોને પ્રમોટ કરી રહ્યાં છે. બીજી તરફ, તેણે હિન્દી પ્રેક્ષકોને આકર્ષવા માટે તેની ફિલ્મોમાં માસ ફિલ્મોની ફોર્મ્યુલા પણ સામેલ કરી છે. આ અંગે નિષ્ણાતોનું કહેવું છે કે બોલિવૂડનાં લોકો લાંબા સમયથી સામૂહિક ફિલ્મોને બદલે ક્લાસિક ફિલ્મો બનાવી રહ્યાં છે. જ્યારે દક્ષિણનાં લોકોએ દર્શકોની આ નાડી પકડી છે.

તાજેતરમાં આવેલી સુપરહિટ ફિલ્મ પુષ્પા ૨ તેનું ઉત્તમ ઉદાહરણ છે. આ ફિલ્મનાં માસકનેકશન કારણે, તેને દર્શકો તરફથી જબરદસ્ત પ્રતિસાદ મળી રહ્યો છે. ગયાં વર્ષે બોલિવૂડનાં લોકોએ જનતા માટે પઠાણ, જવાન, ગદર ૨ અને એનિમલ જેવી ફિલ્મો પણ બનાવી હતી. પરંતુ આ ચારમાંથી બે દિગ્દર્શક દક્ષિણ સિનેમાનાં હતાં.

### મહારાષ્ટ્ર પેટર્ન મુજબ ત્રણ વર્ષનુ મોડલ નક્કી કરવા વિચારણા

# રાજયભરમાં ઉઠેલા વિરોધ વંટોળ વચ્ચે વાંધાસૂચનોની ચકાસણીની સાથોસાથ કાયમી ઉકેલ લાવવાનો વ્યુહ

## વિવાદ ઉકેલાશે! જંત્રીદરમાં દર વર્ષે ૨૫ ટકાના વધારાની ફોર્મ્યુલા

અમદાવાદ,તા.૨૦

રિયલ એસ્ટેટ ડેવલપર્સ અને જાહેર જનતાના પ્રચંડ વિરોધને ધ્યાનમાં લેતા ગુજરાત સરકાર જંત્રીના દરોમાં આગામી ત્રણ વર્ષ સુધી સમયાંતરે વધારો કરવાની દરખાસ્ત રજૂ કરવા વિચારી રહી છે. આમ તો જંત્રીના નવા દરો જાહેર થઈ ચૂક્યા છે પરંતુ કેટલાક વિસ્તારોમાં તો ૧૦૦ ટકા કરતા પણ વધુ વધારો કરાયો છે.

આ તમામ સંજોગોને ધ્યાનમાં લેતા રાજ્ય સરકાર મહારાષ્ટ્રની જેમ આગામી ત્રણ વર્ષ માટે પ્રત્યેક વર્ષે જંત્રીના દરોમાં ૨૫ ટકાનો વધારો કરવા વિચારી રહી છે. રાજ્ય સરકારે સત્તાવાર રીતે ગત ૨૦ નવેમ્બરના રોજ જંત્રીના દરો જાહેર કર્યા હતા. સરકારે આ દરોને જાહેર જનતા માટે પબ્લિક ડોમેઈનમાં મૂક્યા હતા અને તમામ




સંબંધિત પક્ષકારો પાસેથી તેને લગતા વાંધા-વિરોધ અને સૂચનો પણ મંગાવ્યા હતા.

આ દરો સામે વાંધો-વિરોધ નોંધાવવા માટે આરંભમાં એક મહિનાની મુદત આપવામાં આવી હતી, પરંતુ સંબંધિત પક્ષકારોએ સૂચનો આપવા માટે મુદતમાં વધારો કરવાની માંગ કરતા આ મુદત વધારીને ૨૦ જાન્યુઆરી સુધીની કરી દેવામાં આવી હતી.

આ સમયગાળા દરમિયાન સરકારને ઘણી બધી ફરિયાદો મળી હતી. જેમાં પક્ષકારોએ વાંધો ઉઠાવ્યો હતો કે જાહેર કરાયેલા જંત્રીના દરો તદ્દન ગેરવાજબી અને બિન-તાર્કિક છે અને તેમાં આડેધડ વધારો ઝીંકી દેવામાં આવ્યો છે.

રિયલ એસ્ટેટ ડેવલપર્સની સંસ્થા ક્રેડાઈ પણ નવા જંત્રીના દરો સામે સખત વાંધો ઉઠાવ્યો હતો અને માંગ કરી હતી કે સૂચનો અને વાંધા-વિરોધ નોંધાવવા માટેની મુદત વધારીને ૩૧ માર્ચ સુધીની કરાય.

ક્રેડાઈએ કહ્યું હતું કે, રાજ્યમાં ૪૦,૦૦૦ જેટલા વેલ્યૂ ઝોન આવેલા છે અને તેનો અભ્યાસ હાથ ધરવાનો હવે સમય પાકી ગયો છે. સરકાર દ્વારા જાહેર કરાયેલા નવા દરો ડેવલપર્સને તો અસર કરશે જ પરંતુ તેનાથી ખેડૂતોને પણ મોટુ નુકસાન થઈ શકે છે. જાહેર કરાયેલા દરોના માળખાનો એકવાર વિગતવાર અભ્યાસ પૂર્ણ થાય ત્યારબાદ તેની રજૂઆત કરવા માટે પણ વધુ સમયની જરૂર પડશે.

### સમગ્ર દેશમાંચોથા ક્રમે : પાસપોર્ટ ઈસ્યુ પણ ઝડપથી થાય છે

# વિદેશ પ્રવાસનો ટ્રેન્ડ : અમદાવાદ પાસપોર્ટ કચેરીમાં જ ૬ લાખ અરજી

ગાંધીનગર,તા.૨૦

ગુજરાતમાંથી વિદેશ પ્રવાસે જવા ઈચ્છુક નાગરિકો દ્વારા પાસપોર્ટ કઢાવવાની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે.

કોરોનાના બે વર્ષના સમયગાળાને બાદ કરતા સરેરાશ ૬ લાખથી ૮ લાખ સુધીની અરજી અમદાવાદ રિજનલ પાસપોર્ટ કચેરીને મળી છે. લગભગ તેટલા જ પાસપોર્ટ પણ અપાઈ રહ્યા છે.

રાજ્યના મહાનગરોથી લઈને હવે ગ્રામ્ય વિસ્તાર સુધી વિદ્યાર્થીઓ વિદેશ ભણવા જઈ રહ્યા છે. તો વ્યવસાય માટે પણ વિદેશ પ્રવાસ મોટી સંખ્યામાં વધ્યો છે. તેના સાથે વિદેશમાં ટુરિઝમ માટે પણ લોકો જઈ રહ્યા છે. તેના કારણે પાસપોર્ટ માટે આવતી અરજીઓ અને મંજૂર કરાતી અરજીઓમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે.




૨૦૨૪ના વર્ષમાં નવેમ્બર મહિના સુધી દેશની રિજનલ પાસપોર્ટ કચેરીમાં નાગરિકોની અરજીઓ સામે અપાયેલા પાસપોર્ટની સંખ્યા ૬,૮૨,૧૫૪માં અમદાવાદ કચેરી દેશમાં ચોથા સ્થાને છે. અમદાવાદ કરતા વધુ પાસપોર્ટ બેંગાલુરુ, મુંબઈ અને ચંદિગઢમાંથી જારી કરાયેલા છે. તો લખનૌ, કોઝીકોડ, દિલ્હી પણ ગુજરાતથી બહુ પાછળ નથી.

અમદાવાદમાં વિવિધ પાસપોર્ટ સેવા કેન્દ્રમાં અરજદારોનો વધુ સમય વ્યતિત ન થાય તે રીતે અત્યાધુનિક પધ્ધતિથી ચકાસણી થતી હોવાથી કરાતી અરજીઓ સામે પાસપોર્ટ ટૂંકા સમયગાળામાં આપી દેવાતા હોય છે.

છેલ્લા કેટલાક વર્ષથી અમેરિકા, બ્રિટન, ઓસ્ટ્રેલિયા અને કેનેડામાં વિદ્યાર્થીઓનું ભણવા જવાનું પ્રમાણ વધ્યું છે. તેના કારણે પણ પાસપોર્ટની સંખ્યા વધી છે. તો લગ્ન પછી પણ વિદેશ ફરવા જવાનો ક્રેઝ વધ્યો છે.

### જંત્રી સામે સરકારને ૫૩૦૨ વાંધા-સુચનો મળ્યા, મુખ્યમંત્રી દ્વારા સમીક્ષાઃ મુદત વધારો નહિં અપાય

# તમામ વાંધાની સ્થાનિક તંત્ર સાથે ચકાસણી કરવા આદેશ

**ગુજરાતમાં સરકારે જાહેર કરેલા નવા સુચિત જંત્રીદર વધારા સામે રાજયવ્યાપી વિરોધ વંટોળ ઉઠયો જ છે અને વાંધા સુચનોના ઢગલા થયા છે. રાજય સરકાર સમક્ષ અત્યાર સુધીમાં ૫૩૦૨ વાંધા રજુ થયા છે તેની મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા સમીક્ષા કરવામાં આવી હતી.સુત્રોના કહેવા પ્રમાણે વાંધા સુચનો મંગાવવાની મહેતલ ૨૦ જાન્યુઆરી ૨૦૨૫ ની કરી દેવામાં આવી છે. તેમાં કોઈ વધારો કરવામાં નહી આવે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અત્યાર સુધીમાં આવેલા ૫૩૦૨ વાંધા સુચનોની સમીક્ષા કરી હતી અને તેની સ્થાનિક તંત્ર સાથે ચકાસણી કરવા સુચના આપી હતી. ઓફલાઈન વાંધા માટે છેલ્લા એકાદ સપ્તાહથી જ છુટ મળી હતી.એટલે તે સંખ્યા માત્ર ૪૦૦ ની જ હતી. આવતા દિવસોમાં તેમાં મોટો વધારો થવાનું માનવામાં આવી રહ્યું છે. સુત્રોએ કહ્યું કે વાંધા સુચનોની ચકાસણીમાં જ લાંબો સમય લાગી શકે છે અને ત્યારબાદ જ જંત્રીદર લાગુ કરવાનો નિર્ણય થશે.આજે તમામ કલેકટર જીલ્લા વિકાસ અધિકારીઓની બેઠક છે તેમાં પણ જંત્રી મુદ્દે ચર્ચા થવાની સંભાવના છે.**

### બેંગકોકથી ૩.૬૦ કરોડનો ગાંજો લાવતો મોરબીનો યોગેશ ઝડપાયો

# અમદાવાદમાં ૧૨ કિલો હાઈબ્રીડ ગાંજા સાથે ધરપકડઃ નિધિ અને સાયલી નામની બે મહિલાના નામ ખુલ્યાઃરૂા.૭૦ હજારની ટીપ આપી હતી

અમદાવાદ,તા.૨૦

ક્રિસમસ નજીક આવી રહી હોવાથી દારૂની હેરફેર પણ વધી રહી છે જેના કારણે પોલીસે અમદાવાદમાં એન્ટ્રી થવાના તમામ રસ્તા પર બંદોબસ્ત ગોઠવી દીધો છે. ત્યારે ફરી એકવાર ગુજરાતના યુવાધનને નશામાં ધકેલવાનાં ષડયંત્રનો પર્દાફાશ થયો છે.અમદાવાદમાંથી પ્રતિબંધીત ડ્રગ્સ સાથે મોરબીનો શખ્સને પકડીને વટવા પોલીસે હાઈબ્રીડ ગાંજાનો મોટો જથ્થો પકડી પાડયો હતો.

પોલીસે ૩.૬૦ કરોડની કિંમતનો ૧૨ કિલો હાઈબ્રીડ ગાંજો ઝડપ્યો હતો. પકડાયેલા શખ્સનું નામ યોગેશ રતિલાલ દસાડીયા છે અને તે મોરબીનો રહેવાસી છે. યોગેશ બેંગકોકથી હાઈબ્રીડ ગાંજો લાવ્યો



હતો. યોગેશ ગાંજો લઈને મોરબી જઈ રહ્યો હતો તેની પોલીસે ચેકીંગ દરમ્યાન ધરપકડ કરી હતી.

યોગેશની તપાસ કરતાં તેની પાસેથી થાઈ એરલાઈન્સની ટીકીટ પણ મળી આવતા હાઈબ્રીડ ગાંજાના ઈન્ટરનેશનલ ટ્રેકરની પોલીસને શંકા ગઈ હતી. વટવા પોલીસે નાર્કોટીકસ કલમ હેઠળ ગુન્હો નોંધીને યોગેશની સાથે બે મહિલા નિધિ અને સાયલીની પણ સંડોવણી ખુલી હતી. આ મહિલાઓએ યોગેશની ૭૦,૦૦૦ ની ટીપ આપીને બેંગકોક હાઈબ્રીડ ગાંજો લેવા મોકલ્યો હોવાનું ખુલતાં પોલીસે આ બન્ને મહિલાઓની શોધખોળ હાથ ધરી છે.

પોલીસે આ મામલે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પોલીસે નિધિ અને સાયલી નામની મહિલા સામે પણ ગુન્હો નોંધી શોધખોળ હાથ ધરી હતી. મળતી માહીતી મુજબ પોલીસે વાહન ચેકીંગ દરમ્યાન ૩.૬૦ કરોડ રૂપિયાનો હાઈબ્રીડ ગાંજો જપ્ત કર્યો હતો.મોરબીનો યુવક બેંગકોકથી લાવ્યો હતો. યુવાઓમાં હાઈબ્રીડ ગાંજાની બોલબાલા જોવા મળી રહી છે.

# પિતા-પુત્રના સંબંધમાં સ્વાર્થ રહેલો છે. જ્યારે ગુરુ-શિષ્યના સંબંધ નિઃસ્વાર્થ છે.



**યશપાલસિંહ ટી.વાઘેલા**
**દરબાર ગઢ થરા**

સંતએ પરમાત્માનું નામ છે.સર્વમાં ઈશ્વરનાં દર્શન કરે તે સદગુરુ. અધિકાર સિદ્ધ થયા પછી સદગુરુને શોધવાની જરૂર નથી. સદગુરુ જ અધિકારીને શોધતાં આવે છે.પરીક્ષિતનો અધિકાર સિદ્ધ થતાં જ શુકદેવજી મહારાજે તેના મસ્તક પર હાથ મૂકી તેને તેજોમય ભગવાનનાં દર્શન કરાવ્યાં હતાં. જગતમાં જેટલા સંતો થયા છે તેમનું ભૌતિક શરીર ભલે આજે નથી, પણ એમનું આધ્યાત્મિક શરીર કાયમ વિશ્વના વાયુમંડળમાં રહેલું છે,અને એ કાયમ લાયક શિષ્યોને શોધતા જ રહે છે. પરમાત્માકરતાં એ લાયક સદગુરુ શ્રેષ્ઠ છે એમ કહીએ તોયે ખોટું નથી.પરમાત્માએ સંસારની રચના જ એવી કરી છે કે બધા જીવો ભક્તિ કરી શકતા નથી.માતાપિતા જે જન્મ આપે છે તે સધારણ જન્મ છે,પણ સદગુરુ જે આધ્યાત્મિક જન્મ આપે તે જ સાચો જન્મ છે. સદગુરુ મળ્યા પછી માનવીનું પવિત્ર જીવન શરૂ થાય છે.સદગુરુ સશિષ્યનું હંમેશાં સર્વ પ્રકારે રક્ષણ કરે છે. પિતા પુત્રના સંબંધમાં સ્વાર્થ રહેલો છે. જ્યારે ગુરુ શિષ્યના સંબંધ નિઃસ્વાર્થ છે.ગુરુને શિષ્યમાં જો કંઈ સ્વાર્થ હોય તો એ સાચો ગુરુ નથી.

એક સદગુરુ પોતાના શિષ્યની સાથે જંગલમાં એક વૃક્ષ નીચે રહેલો છે. શિષ્ય ઊંધી ગયા છે. ગુરુ ધ્યાનમાં બેઠા છે એવામાં એક સર્પ ત્યાં આવે છે,ને કહે છે કે,હું તમારા શિષ્યને કરડવા આવ્યો છું ત્યારે ગુરુ કહે છે કે, ભાઈ,શિષ્ય હજી સાધક છે. એને પરમાત્માનાં દર્શન થવાના બાકી છે એને એ સ્થિતિમાં એનું મૃત્યુ થશે તો એની દુર્ગતિ થશે, માટે તું શિષ્યને નહીં,મને કર.તારા ડંખથી મારું મૃત્યુ મંગલમય બની જશે. પુત્રને સર્પ ડંખવા આવ્યો ત્યારે કોઈ પિતા આમ કહી !શકશે? પિતા પુત્રના સંબંધમાં સ્વાર્થ રહેલો છે, જ્યારે ગુરુશિષ્યનો સંબંધ નિઃસ્વાર્થ હોય છે.પાંચ પ્રકારની શુદ્ધતા પરીક્ષિત માં છે : માતૃશુદ્ધિ, પિતૃશુદ્ધિ, દ્રવ્ય શુદ્ધિ, અન્નશુદ્ધિ અને આત્મશુદ્ધિ. આવા સશિષ્યને ગુરુકૃપા અને ઈશ્વરદાન થાય છે. સદગુરુ તત્ત્વ અને ઈશ્વર તત્ત્વ એક છે.ઈશ્વર જે વ્યાપક છે,તેમ ગુરુ પણ વ્યાપક છે. જેનો અભાવ કોઈ ઠેકાણે નથી તે વ્યાપને શોધવાની જરૂર પડતી નથી, પણ વ્યાપકને ઓળખવાની જરૂર છે.

સંત થયા વગર સંતને ઓળખી શકાતા નથી.જે સંત થાય તેનેસંત મળે.સંત થવા માટે વ્યવહારને અતિશુદ્ધ બનાવજો.મૂઠી ચણાની




જરૂર છે ત્યાં સુધી વ્યવહાર છૂટતો નથી. પ્રત્યેક વ્યવહારને ભક્તિમય બનાવે એ ખરો વૈષ્ણવ.

સંત થવા માટે મનને બદલવાની જરૂર છે,જે પોતાના સહૃદયનું પરિવર્તન કરે છે, તે સંત બને છે. મન શુદ્ધ બને તો સંત મળે છે. સંતને જ સંત મળે છે. વિલાસીને સંત મળતો નથી.

ગુરુદેવ બ્રહ્મા સમ છે.તેઓ નવો જન્મ આપે છે. એટલે કે તે મનને અને સ્વભાવને સુધારે છે. ગુરુદેવ વિષ્ણુ સમ છે કારણ કે ગુરુદેવ શિષ્યનું રક્ષણ કરે છે. ગુરુદેવ શિષ્યને મોક્ષ પણ આપે છે. તેથી શિવજીનું પણ સ્વરૂપ છે. ગુરુ વગર રહેશો નહીં.તમે લાયક થશો તો ભગવત્ કૃપાથી સદગુરુ મળી રહેશે.તુકારામજી મહારાજે પોતાનો અનુભવ વર્ણવ્યો છે. કથા વાર્તા સાંભળતા પ્રભુના નામ માં મારી પ્રીતિ થઈ.વિઠ્ઠલનો વિઠ્ઠલ હું સતત જપ કરવા લાગ્યો ભગવાનને મારા ઉપર દયા આવી. હું ગંગાજીમાં સ્નાન કરીનેઆવતો હતો.રસ્તામાં ગુરુદેવ મળ્યા અને કહે વિઠ્ઠલનાથની પ્રેરણાથી હું તને ઉપદેશ આપવા આવ્યો છું. ગુરુદેવે કૃપા કરી અને મંત્ર આપ્યો રામકૃષ્ણ હરિ.ગુરુ દક્ષિણામાંગુરુ દેવે પાશેર તુપ એટલે ઘી માગ્યું શું તુકારામના ગુરુને પાશેર ઘી નહીં મળતું હોય?પણ તુકારામની વાણી,ગૂઢાર્થ ભરેલી છે,તુપએટલે તારું તું પણું અને હું પણું તું મને આપ. આજથી તું ભૂલી જા કે,તું પુરુષ છે. તું તારું પુરુષત્ત્વ ભૂલી જા. મારા ગુરુદેવે હું પણું અને તું પણું માગી લીધાં. મને આજ્ઞા કરી કે તારું અભિમાન મને આપ.આજથી હું પણું રાખીશ નહીં. તું પુરુષ નથી.તું સ્ત્રી નથી. કોઈનો પુત્ર નથી. બધાના દેહના ભાવ તું મને અર્પણ કર. તું શુદ્ધ છે, તું બ્રહ્મ છે, તું ઈશ્વરનો આશ છે.આમ જીવનો ઈશ્વર સાથે સંબંધ ગુરુદેવે સિદ્ધ કરી આપ્યો.

જેની પ્રત્યેક ક્રિયા જ્ઞાનમય હોય તે ઉત્તમ ગુરુ.ભક્તોની પ્રત્યેક ક્રિયા જ્ઞાન અને બોધરૂપ હોય છે. સંતોનું બધું અલૌક્કિ હોય છે. શુકદેવજી એકલા બ્રહ્મજ્ઞાની ન હતા પરંતુ તેમની દૃષ્ટિ પણ બ્રહ્મ દૃષ્ટિ હતી.શુકદેવજી પ્રત્યેકને સમભાવથી જુએ છે. જે દૃષ્ટિ બ્રહ્મમય છે,તેને પછી જગતનો ભાસ થતો નથી. શુકદેવજી ગુરુ નહીં પણ સદગુરુ છે.બ્રહ્મજ્ઞાનની શુષ્ક વાતો કરનાર સુલભ છે પણ શુકદેવજી જેવા બ્રહ્મદૃષ્ટિ રાખનારા સુલભ નથી.

શુકદેવજી જેવા ગુરુ મળે તો સાત દિવસમાં તો શું પણ સાત મિનિટમાં મુક્તિ અપાવે.પણ શિષ્ય પરીક્ષિત જેવો અધિકારી હોવો જોઈએ.

મંત્રદીક્ષા અધર્મ છે, સ્પર્શ દીક્ષા ઉત્તમ છે.બ્રહ્મભાવમાં તલ્લીન થઈ શુકદેવ પરીક્ષિતના માથા ઉપર વરદ્ હસ્ત પધરાવ્યો,ત્યાં તેમને બ્રહ્મનાં દર્શન થયાં.

ત્રણ પ્રકારના શ્રોતા વક્તામાં વ્યાસજીને બીજો નંબર આપ્યો છે કારણ વ્યાસજી સમાજ સુધારે એ વૃત્તિથી કથા કરતા.શુકદેવજી બીજાને સુધારવાની ભાવનાથી કથા કરતા નથી. ફકત પોતાના અંતઃકરણના સુખ માટે કથા કરે છે. શુકદેવજીએ કથાનો આરંભ કર્યો પણ મંગલાચરણ કરતા નથી કારણ દેહભાન બિલકુલ ન હતું. ત્રણ અધ્યાય પછી શુકદેવજીએ મંગલાચરણ કર્યું છે. ભાગવતમાં ત્રણ મંગલાચરણ છે. પ્રથમ વ્યાસજીનું,બીજું શુકદેવજીનું, અંતમાં સૂતજીનું જુવાનીમાં મંગલાચરણ,મંગલા ચરણની બહુ જ જરૂર છે.એટલે શુકદેવજીનું મંગલાચરણ બાર શ્લોકનું અને બાકીનાં મંગલા ચરણ એક એક શ્લોકનાં છે.

સંસારના કોઈપણ વિષયમાં મન જાય એ વૈરાગ્ય.સંસારના વિષયો દેખાય તેમ છતાં જેનું મન તેમાં જતું નથી તેનું વૈરાગ્ય સિદ્ધ થયું. વૈરાગ્ય વગર દઢતા આવતી નથી. વૈરાગ્યથી જ્ઞાન દીપે છે. વૈરાગ્ય ભક્તિ શોભે છે.જ્ઞાન,ભક્તિ વૈરાગ્ય પરિપૂર્ણ થાય તો મનુષ્ય બ્રહ્મમય થાય છે. શુકદેવજીમાં સોળ આની જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્ય હતાં.જ્ઞાનીનું હૃદય શ્રીકૃષ્ણ પ્રેમમાં ન પીગળે તો જ્ઞાન શા કામ નું?

પરીક્ષિત રાજા શુકદેવજીને પૂછે છે, જેનું મરણ પાસે આવ્યું હોય તેનું કર્તવ્ય શું?તે શું કરે,શું ન કરે? મનુષ્ય માત્રનું કર્તવ્ય શું?

શુકદેવજી બોલ્યાઃરાજન,તે પ્રશ્ન સુંદર કર્યો છે.શ્રવણ કરો! તું મૃત્યુની બીક ધરીને તેની તૈયારીમાં પડયો તે સારું કર્યું.મૃત્યુની બીક રાખો એનું સ્મરણ રાખો. વિચાર કરો કે મૃત્યુને ભેટવાની તૈયારી કરી છે કે નહીં?આ પ્રમાણે ચિંતન કરવાથી વૈરાગ્ય આવે છે.

## સાબરકાંઠા જિલ્લામાં ચાઈનીઝ તુક્કલ/દોરી,ચાઈનીઝ લોન્ચર અને ચાઈનીઝ લેન્ટર્સના ઉપયોગ ઉપર પ્રતિબંધ

# નાયલોન, ચાઈનીઝ, પ્લાસ્ટિક બનાવટના માંઝા અને પાકા દોરાના ઉત્પાદન,ખરીદ,વેચાણ,સંગ્રહ કે વપરાશ ઉપર પ્રતિબંધ





(ગરવી તાકાત) હિંમતનગર તા.૨૦

આગામી ૧૪ જાન્યુઆરીના રોજ સમગ્ર જિલ્લામાં મકરસંક્રાંતિ પર્વની ઉજવણી થનાર છે. આ પર્વની અનુલક્ષીને જિલ્લામાં જાહેર માર્ગો રસ્તાઓ કે મકાનના ધાબા ઉપર ભયજનક રીતે લોકો પતંગ ઉડાડતા હોય છે. જેને લઈને વ્યક્તિઓમાં જાનનું જોખમ ઊભું થવાની સંભાવના રહેલી છે. આ પર્વના દિવસે શહેરી/ગ્રામ્ય વિસ્તારમાં જાહેર માર્ગો ઉપર ગૌપાલકો દ્વારા જાહેરમાં ઘાસચારાનું વેચાણ તથા ઘાસચારો ખરીદ કરીને જાહેર રસ્તા ઉપર ગાયોને ખવડાવતા હોય છે. જેના કારણે જાહેર માર્ગો ઉપર ગાયો તથા બીજા પશુઓ દ્વારા ટ્રાફિક અવરોધ પેદા થતો હોય છે.

ઘણા લોકો પતંગ ઉડાડવા માટે માંઝા અથવા દોરી કે નાયલોન અથવા અન્ય સીન્થેટીક મટીરીયલ અથવા સીન્થેટીક પદાર્થથી કોડેડ કરેલ હોય અને નોન-બાયોડીગ્રેડેબલ હોય તેવા દોરાનો ઉપયોગ કરતા હોય છે. આ દોરાઓ એકદમ ધારદાર હોવાના કારણે કોઈ વ્યક્તિને શરીરના કોઈ ભાગ ઉપર ઘસાવાથી શરીર ઉપર કાપાઓ પડે છે, જેના કારણે શારીરિક ગંભીર ઈજાઓ તેમજ કેટલાક કિસ્સાઓમાં વ્યક્તિનું મોત નિપજ્યા સુધીના ગંભીર બનાવો પણ બનતા હોય છે. તેમજ પક્ષીઓને ઈજાઓ થવાના અને તેના મોતના બનાવો પણ બને છે.

આ પર્વ નિમિત્તે સાબરકાંઠા જિલ્લામાં ચાઈનીઝ લોન્ચર,ચાઈનીઝ તુક્કલ,ચાઈનીઝ લેન્ટર્સ આકાશમાં ઉડાડવામાં આવતા હોય છે.તુક્કલમાં હલકી ક્વોલિટીની સળગી જાય તેવા વેક્સ પદાર્થોના કારણે પર્યાવરણને પણ નુકસાન થાય છે. તેમજ સરગતી તુક્કલ ગમે ત્યાં પડવાને કારણે જાન અને સંપત્તિને નુકસાન થાય છે. જેથી ઉપરોક્ત બાબતે સ્કાયલેન્ટર્ન તેમજ ચાઈનીઝ માંઝા/નાયલોન/પ્લાસ્ટિક દોરી, કાચ, મિશ્રિત તથા અન્ય હાનિકારક પદાર્થોની કોટિંગ કરેલ અને નોન બાયોડીગ્રેડેબલ દોરી તથા પતંગ ચગાવવા માટે ઉપયોગમાં લેવાતા અન્ય હાનિકારક પદાર્થોના ઉપયોગથી મનુષ્ય,પશુ પંખી તેમજ પર્યાવરણને થતા નુકસાન આગજની કે તેવી અન્ય કોઈ દુર્ઘટના ન બને તે સારું આવી બાબતો નિવારવા માટે કેટલાક પ્રતિબંધક હુકમો જાહેર કરાયા છે. જેમાં કોઈપણ વ્યક્તિએ જાનનું જોખમ થાય તે રીતે જાહેર માર્ગ/રસ્તા/ફૂટપાથ તેમજ ભયજનક ધાબા પર પતંગ ઉડાડવા પર.

આમ જનતાની ત્રાસ થાય તે રીતે ખૂબ જ મોટા અવાજમાં લાઉડ સ્પીકર વગાડવા ઉપર. આમ જનતાની લાગણી દુભાય તે રીતે પતંગ ઉપર ઉશ્કેરીજનક લખાણો લખી પતંગ ઉડાડવા ઉપર. જિલ્લામાં ટ્રાફિકની સમસ્યા ન સર્જાય તે માટે કપાયેલા પતંગો અને દોરાઓ મેળવવા માટે લાંબા ઝંડાઓ, વાંસના બંબુઓ,લાંબી વાંસની પટ્ટીઓ ,લોખંડના કે કોઈપણ ધાતુના તારના લંગર બનાવી બનાવી આમ-તેમ શેરીઓ,ગલીઓ જાહેર રસ્તાઓ ઉપર દોડા દોડી કરવા ઉપર. રસ્તાઓ ઉપર ગલીઓમાં ટેલીફોન/ઈલેક્ટ્રોનિકના બે તાર ભેગા થવાથી શોર્ટ સર્કિટના કારણે તાર તૂટી જવાથી અકસ્માતો સર્જાય ગંભીર બનાવો બનતા હોય છે. જેથી ટેલીફોન કે ઈલેક્ટ્રોનિકના તાર ઉપર વાંસડાઓમાં લોખંડ કે કોઈપણ ધાતુના તાર લંગર નાખવા ઉપર તેમજ તેમાં ભરાયેલ પતંગ કે દોરી કાઢવા ઉપર. પ્લાસ્ટિક/પાકા સિન્થેટિક મટીરીયલ, ટોક્સિન મટીરીયલ,કાચ પાઉડર તથા અન્ય હાનિકારક પદાર્થોનો ઉપયોગ કરી તૈયાર કરેલ તથા નોન બાયોડીગ્રેડેબલ હોય તેવી દોરી/નાયલોન/ચાઈનીઝ માંઝા પાકા દોરા તથા પ્લાસ્ટિક બનાવટના માંઝા/દોરાના ઉત્પાદન,આયાત,ખરીદ, વેચાણ,સંગ્રહ અને વપરાશ કે ઉપયોગ કરવા ઉપર/દોરાના ઉપયોગ કરી પતંગ ઉડાડવા ઉપર. ચાઈનીઝ લોન્ચર,ચાઈનીઝ તુક્કલ,ચાઈનીઝ લેન્ટર્ન, સ્ક્યાય લેન્ટર્નના ઉત્પાદન આયાત,ખરીદ વેચાણ,સંગ્રહ અને વપરાશ કે ઉપયોગ કરવા ઉપર/ઉડાડવા ઉપર. મેટાલીક બેઝડ થ્રેડસ તથા ઓડિયો મેગ્નેટિક ટેપના ઉપયોગ ઉપર.

આ હુકમ ૨૦ જાન્યુઆરી ૨૦૨૫ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ શિક્ષાને પાત્ર થશે.

## સંક્ષિપ્ત સમાચાર

### સંવેદના ચેરીટેબલ ટ્રસ્ટ પુંસરી દ્વારા મફ્ત નેત્ર નિદાન કેમ્પ યોજાયો



(ગરવી તાકાત) હિંમતનગર તા.૨૦

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના પુસરી ગામે સંવેદના ચેરીટેબલ ટ્રસ્ટ પુંસરી દ્વારા મફત નેત્ર નિદાન કેમ્પ યોજાયો. જે મફત આંખની સારવાર, બ્લડ ચેકઅપ અને બ્લડ ડોનેશન કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું. રામાણી બ્લડ બેંક તેમજ ડો રસિકલાલ સાર્વજનીક હોસ્પિટલના સહયોગથી આ કેમ્પનું આયોજન કરાયું હતું. ૧૦૦ થી વધુ લોકોએ લાભ લીધો જેમાં સંવેદના સેવા ચેરીટેબલના ટ્રસ્ટી નરેન્દ્રભાઇ પટેલ તેમજ મંત્રી રમેશ ભાઈ પટેલ મનુભાઈ પટેલ જશુભાઇ પટેલ હસમુખસિહ પરમાર હાજર રહ્યા હતા. આ પ્રસંગે ડોક્ટર ભાવેશ પરમાર ડો્ પ્રજ્ઞેશ પટેલ તેમજ ડો જાનકી વી પટેલ ની ઉપસ્થિતિમાં લાભાર્થીઓએ લાભ લીધો હતો.



(ગરવી તાકાત) મહેસાણા તા.૨૦

આજ રોજ તા. ૨૦/૧૨/૨૦૨૪ ના રોજ વાલમ ક્લસ્ટર ની તમામ શાળાઓ ની નિપુણ ભારત અંતર્ગત વાર્તા સ્પર્ધા યોજાઈ. જેમાં વાર્તા કથન અને વાર્તા લેખન નું આયોજન વાલમ સી. આર. સી શ્રી દિપકભાઈ ચૌધરી દ્વારા કરેલ હતું. જેમાં ખંડોસણ પ્રા. શાળા ના બાળકો નો ત્રણે વિભાગ મા પ્રથમ નંબર મેળવેલ હતો. પ્રથમ ત્રણ ક્રમાંક મેળવનાર ને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

## ગુજરાતની મુલાકાતે આવેલા કેરળના મહિલા પત્રકારો વિરાસત વારસાથી અભિભૂત થયા

### મહેસાણા જિલ્લામાં મોઢેરા સૂર્યમંદિર અને વડનગર કીર્તિ તોરણ અને બૌધિષ્ટ મોનેસ્ટ્રી ની મુલાકાત લીધી



(ગરવી તાકાત) મહેસાણા તા.૨૦

તા. ૧૬થી ૨૩ ડિસેમ્બર સુધી ગુજરાતનાં વિકાસ કાર્યો, પ્રવાસન સ્થળો અને ઐતિહાસિક વારસાને જાણવા માટે કેરળથી આવેલા મહિલા પત્રકારોએ આજરોજ મહેસાણા જિલ્લાની મુલાકાત લીધી હતમોઢેરાના સૂર્યમંદિરની મુલાકાત લીધી હતી. ગાઈડ જીતેન્દ્રસિંહ સોલંકી પાસેથી આ પ્રતિનિધી મંડળને મંદિરનો ઈતિહાસ, તેની બાંધણી, શિલ્પાકૃતીઓ અને તેનો અર્થ વગેરે ઝીણવટભરી માહિતી મેળવી પત્રકારો અભિભૂત થયા હતા.

ગુજરાતનાં ઐતિહાસિક વારસામાં મોખરાનું સ્થાન ધરાવતા વડનગરની પણ તેમણે મુલાકાત લીધી હતી. જ્યાં બૌધિષ્ટ મોનેસ્ટ્રી, કીર્તિ તોરણ, પ્રેરણા સંકુલ અને અમરથોર ઉત્ખન્ન સાઈટ કાર્ય ચાલે છે એ સ્થળ વગેરેની મુલાકાત કરી હતી. આ તમામ સ્થળોની તલસ્પર્શી માહિતી પુરાતત્વવિદ્ પ્રિતમ મૈઈતી, પ્રોજેક્ટ મોનીટરીંગ યુનિટ, વડનગર દ્વારા આપવામાં આવી હતી. ગુજરાતનાં પુરાતત્વ સ્થળની મુલાકાત લીધા બાદ આ વારસો વૈવિધ્ય જોવા પરિવાર સાથે આવવાની ઈચ્છા દર્શાવી હતી.

### ઊંઝા યાર્ડમાં દૈનિક જીરાની ૯૦૦૦ બોરીની આવક, પ્રતિ મણે ૪૫૦૦ સુધી ભાવ પડ્યા

ઊંઝા ગંજબજારમાં દૈનિક જીરાની ૯૦૦૦ બોરીની આવક જોવા મળી રહી છે. જ્યારે ભાવમાં મણે સુપર ભાવ રૂ ૪૪૦૦ થી ૪૫૦૦, બેસ્ટ ભાવ ૪૩૫૦થી ૪૪૦૦ મીડીયમ ભાવ રૂ ૪૩૦૦ થી ૪૩૫૦ અને એવરેજ ભાવ રૂ ૪૨૫૦ થી ૪૩૦૦ સુધીનાં જોવા મળ્યા હતા.ઊંઝા ગંજબજારમાં દૈનિક વરિયાળીની ૩૫૦૦ બોરી આવક જોવા મળી છે. ભાવમાં મણે સુપર ગ્રીન રૂ ૪૫૦૦ થી ૫૫૦૦ અને બેસ્ટ ગ્રીન રૂ ૩૫૦૦થી ૪૫૦૦ તેમજ મિડીયમ ગ્રીન ૨૫૦૦ થી ૩૫૦૦સુધીનાં જોવા મળી રહ્યા છે. એક્ષપોર્ટ ક્વોલિટી વરીયાળી બજાર મણે બેસ્ટ રૂ ૧૬૫૦ થી ૧૭૫૦ મીડિયમ ભાવ રૂ ૧૫૫૦ થી ૧૬૫૦ અને એવરેજ ભાવ રૂ ૧૪૫૦ થી ૧૫૫૦ સુધીનાં જોવા મળ્યા હતા. ઈસબગુલ આવક ૪૦૦૦ બોરી અને પૅકેટ ભાવ મણે રૂ ૨૫૫૦ થી ૨૬૫૦ ફોરેન ભાવ મણે રૂ ૨૩૫૦ થી ૨૫૫૦ જ્યારે રાજસ્થાન ઈસબગુલ ૨૫૦૦ થી ૨૮૦૦ સુધીના ભાવ જોવા મળ્યા હતા.

## પ્રાકૃતિક ખેતી અપનાવી વધુ આવક મેળવી

### ખેડૂતે સાત એકરમાં રાઈ, એરંડા, મગફળી અને શાકભાજી જેવા મિશ્ર પાકોનું વાવેતર કરીને વાર્ષિક ૦૬ લાખથી વધુની આવક મેળવી



(ગરવી તાકાત) પાલનપુર તા.૨૦

ગુજરાતમા દિન-પ્રતિદિન પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધી રહ્યો છે. રાજ્યમાં ૨૦ લાખથી વધુ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ કરતા થાય તે માટે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ પ્રાકૃતિક કૃષિ માટે અનેક પ્રયાસો હાથ ધરાયા છે. બનાસકાંઠા જિલ્લાના ખેડૂતો પણ આ દેશી ગાય આધારિત ખેતીના જીવામૃત, બીજામૃત, વાફસા અને સહજીવી પાક એટલે કે મિશ્ર પાક પધ્ધતિને અપનાવીને એક સ્વસ્થ સમાજની સાથે વધુ આવક મેળવતા થયા છે.

બનાસકાંઠા જિલ્લાના દિયોદર તાલુકાના રામપુરા ગામના ખેડૂત ભુદરભાઈ ખેતાજી ચૌધરી વર્ષ ૨૦૧૨થી આત્મા વિભાગ સાથે જોડાયા હતા. તેમણે વર્ષ ૨૦૧૯ થી પ્રાકૃતિક ખેતીને અપનાવીને અન્ય ખેડૂતો માટે પ્રેરણાસ્રોત બન્યા છે. તેઓ જણાવે છે કે, સરકારની વિવિધ યોજનાઓનો લાભ લઈને અમોએ પ્રાકૃતિક ખેતી અપનાવી છે. જેમાં આજે મબલખ ઉત્પાદન મળી રહ્યું છે. સાવ નજીવા ખર્ચે થતી આ ખેતીથી ખર્ચો ઓછો અને ભાવ વધુ મળી રહે છે. તેમણે રાજ્ય અંદર પ્રેરણા પ્રવાસમાં ભાગ લીધો હતો તથા સુભાષ પાલેકર પ્રાકૃતિક ખેતીની તાલીમ પણ લીધી હતી. તેઓએ પોતાની ૭ એકર જમીનમાં મકાઈ, મગફળી, ઘઉં, બાજરી, વરિયાળી, જામફળ અને ડુંગળી જેવા મિશ્ર પાકોનું વાવેતર કર્યું અને સારા બજારભાવ પણ મેળવ્યાં છે. તેઓ જણાવે છે કે, આ વાવેતરથી વાર્ષિક ૬ લાખથી વધુનો ચોખ્ખો નફો તેઓ મેળવે છે.ખેડૂત ભુદરભાઈ જણાવે છે કે, જમીનને ફળદ્રુપ બનાવવા તથા જમીનનું સ્તર સુધારવા અને ઉત્પાદન વધારવા માટે ખેડૂતો પાસે પ્રાકૃતિક ખેતી જ એકમાત્ર વિકલ્પ છે. તેઓ અત્યારે માસ્ટર ટ્રેનર તરીકે આજુબાજુના પાંચ ગામના ખેડૂતોને પ્રાકૃતિક ખેતીને લગતી માહિતી માટે ટ્રેનિંગ આપે છે. તેમણે પોતાના ખેતરમાં સરકારની સહાયથી પંચસ્તરીય મોડેલ ફાર્મ ઊભું કર્યું છે જેમાં તેઓ જામફળ,ચીકુ અને લીંબુ જેવા જુદા જુદા બાગાયતી પાકોનું વાવેતર કરીને અઢળક ઉત્પાદન મેળવે છે. તેઓ પ્રાકૃતિક ખેતીમાં બીજામૃત, જીવામૃત, ઘન જીવામૃત આચ્છાદન, દશપર્ની અર્ક, નિમાસ્ત્ર અને ખાટી છાસના ઉપયોગ થકી ખેતી કરે છે. તેઓ જિલ્લાના અન્ય ખેડૂતોને પણ પ્રાકૃતિક ખેતી અપનાવવા અનુરોધ કરે છે.

## પાલનપુર બાર એસોસિએશનની ચૂંટણી યોજાઈ

### પ્રમુખ પદે સતીશ ચૌધરી અને ઉપપ્રમુખ પદે મહાવીરસિંહ ઠાકોર સહિતના હોદ્દેદારોની બિનહરીફ વરણી કરાઈ



(ગરવી તાકાત) પાલનપુર તા.૨૦

આજે સમગ્ર ગુજરાતમાં ૨૭૨ જેટલા વકીલ મંડળના પ્રમુખ, ઉપપ્રમુખ સહિતના પદની ચૂંટણી યોજાઈ હતી. જોકે, પાલનપુર બાર એસોસિએશનની બિનહરીફ ચૂંટણી યોજાઈ હતી.

બનાસકાંઠા જિલ્લા મથક પાલનપુર માં વકીલ મંડળની ચૂંટણીમાં પ્રમુખ, ઉપપ્રમુખ સહિતના પદની બિન હરીફ ચૂંટણી યોજાઈ હતી. જેમાં પાલનપુર બાર એસોસિએશનના વર્ષ ૨૦૨૫ના પ્રમુખ પદે સતીશ ચૌધરી ,અને ઉપપ્રમુખ પદે મહાવીરસિંહ ઠાકોર, મંત્રી તરીકે પ્રકાશ ધારવા સહિતના હોદ્દેદારો બિનહરીફ વરણી થયા હતા. મહત્વની વાત એ છે કે, પાલનપુર બાર એસોસિએશનની આ વખતની ચૂંટણીમાં પદ માટે ઉમેદવારી ફોર્મ ભરાયા હતા. જોકે ફોર્મ ખેંચવાના અંતિમ સુધી અન્ય ઉમેદવારે પોતાની ઉમેદવારી પરત ખેંચી લેતા પાલનપુર બાર એસોસિએશન ચૂંટણીને બિનહરીફ ચૂંટણી જાહેર કરવામાં આવી હતી. પ્રમુખ, મંત્રી અને બે કારોબારી સભ્ય ને બીજી વખત પદ માટે રિપીટ કરવામાં આવ્યાં હતા. પાલનપુર બાર એસોસિએશન નવ નિયુક્ત પ્રમુખ સતીશ ચૌધરીએ જણાવ્યું હતું કે, બિનહરીફ ચૂંટણીથી પાલનપુર બાર એસોસિએશનનું સન્માન વધ્યું છે.

## સોના - ચાંદીમાં વધુ ગાબડુ : સોનુ રૂા.૭૮૦૦૦ની નીચે સરક્યુ



(ગરવી તાકાત) અમદાવાદ તા.૨૦

સોના-ચાંદીના ભાવમાં છેલ્લા કેટલાક દિવસોથી ઘટાડો થઈ રહ્યો છે. સોના બાદ ચાંદીમાં પણ ઘટાડો જોવા મળી રહ્યો છે. ચાર દિવસમાં સોનામાં રૂા.૧૫૦૦ અને ચાંદીમાં રૂા.૫૦૦૦નુ ગાબડુ પડયુ છે. લાંબા સમય બાદ સોનુ ૭૮૦૦૦ અને ચાંદી ૮૮૦૦૦ની નીચે સરકયુ છે.

અમેરિકન ફેડરલ રિઝર્વે ૨૦૨૫ના રેટકટનું પ્રોજેકશન ચારથી ઘટાડીને બે કરતા ડોલર ઈન્ડેકસ ઉછળીને બે વર્ષની ઉંચાઈએ પહોંચતા સોના-ચાંદીમાં વ્યાપક વેચવાલી જોવા મળતા બંને મેટલના ભાવ વર્લ્ડ માર્કેટમાં ઘટયા હતા.

આજે સોનામાં રૂા.૩૪૦ અને ચાંદીમાં રૂા.૧૬૦૦નો ઘટાડો થયો છે.

## અમીરગઢ ચેકપોસ્ટ પર ખાનગી બસમાંથી ચરસ લઈ જતો ઈસમ ઝડપાયો, ૧.૩૦ લાખનો મુદ્દામાલ કબ્જે

(ગરવી તાકાત) પાલનપુર તા.૨૦

બનાસકાંઠા જિલ્લાની અતિ સંવેદનશીલ અમીરગઢ ખાતે આવેલ ગુજરાત રાજસ્થાન સરહદ ધરાવનાર પોલીસ ચેકપોસ્ટ પર એક ખાનગી બસમાંથી મુસાફર પાસેથી ચરસ પકડાતા પોલીસને સફળતા મળી છે. જેમાં અમીરગઢ પોલીસ બોર્ડર ચેકપોસ્ટ પર રૂટીન ચેકિંગ કરી રહી હતી તે સમય દરમિયાન રાજસ્થાન તરફથી ખાનગી બસ આવતા તેને રોકાવી અંદર બેઠેલા એક ઈસમની તપાસ કરતા તેની બેગમાંથી ચરસ મળી આવ્યું હતું.

જેથી પોલીસે ઈસમની અટકાયત કરી આગળની તપાસ હાથ ધરી છે.

બનાસકાંઠાની રાજસ્થાન સરહદ પર આવેલી ચેકપોસ્ટમાંથી અતિસંવેદનીલ ગણાતી અમીરગઢ ચેકપોસ્ટ પર ફરજ પરના પોલીસ કર્મચારીઓ રાબેતા મુજબ રૂટિન વાહન તપાસ કરી રહ્યા હતા. તે દરમિયાન રાજસ્થાન તરફની આવતી અને ગુજરાતમાં પ્રવેશવા જતી દિલ્લી-અમદાવાદ ખાનગી બસ પર શંકા જતાં તેને ઉભી રખાવી પોલીસે તેમાં તપાસ હાથ ધરી હતી.

જેમાં એક મુસાફર પાસે કોઇ શંકાસ્પદ પાર્સલ જાણતા પોલીસે તેને વધુ ઝીણવટભરી તપાસ કરતા યુવક પાસે ચરસ નશીલો પદાર્થ મળી આવ્યો હતો, જેથી બસમાંથી યુવકને નીચે ઉતારી પકડાયેલા ચરસને પોલીસે પોતાનાં કબજામાં લઈ ચરસ સાથે ઝડપાયેલ ઈસમની પોલીસ દ્વારા પૂછપરછ કરવામાં આવી હતી. પોલીસ દ્વારા પકડાયેલા ચરસ. ૮૭૦ગ્રામ જેની કિંમત કિંમત રુપિયા ૧૩૦૫૦૦ તેમજ મોબાઈલ રોકડ રકમ સહીત કબજે લઈ પકડાયેલ ઈસમને લઈ વધુ તપાસ હાથ ધરી છે.

**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ મહેસાણાની કોર્ટમાં**
**વણીકર કલબ પાસે, મ્યુનિસીપલ ગ્રાઉન્ડ સામે, મહેસાણા-૩૮૪૦૦૧**

નં.એ.ડી.એમ/વશી/૪૪૮/૨૦૨૪ તા.૦૭/૧૨/૨૦૨૪

**જાહેર નોટીસ**

અરજદાર : પટેલ દશરથભાઈ ગંગારામ
રહે, કડવાસણ તા.જિ. મહેસાણા
વિરૂદ્ધ
સામાવાળાઃ (૧) જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી/તલાટી કમ મંત્રીશ્રી, કડવાસણ ગ્રામ પંચાયત, તા.જિ. મહેસાણા
(૨) આચાર્યશ્રી, શ્રી જયકોરબાઈ વિદ્યામંદિર મુ. ખેરવા તા.જિ.મહેસાણા

જન્મ નોંધણી :-

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રીની પુત્રી નામે 'પટેલ મીનાબહેન દશરથભાઈ' નો જન્મ 'તા.૦૧/૦૬/૧૯૭૯' ના રોજ ગામ કડવાસણ તા.જિ. મહેસાણા મુકામે થયેલ પરંતુ નિયમોની જાણના અભાવના કારણે તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ નોંધણી કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા વાંધા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૭/૧૨/૨૦૨૪ના રોજ મારી સહિ તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો

કોર્ટનો સિક્કો

સહિ/-
એકઝીક્યુટીવ મેજીસ્ટેટ
મહેસાણા (ગ્રામ્ય)

**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ મહેસાણાની કોર્ટમાં**
**વણીકર કલબ પાસે, મ્યુનિસીપલ ગ્રાઉન્ડ સામે, મહેસાણા-૩૮૪૦૦૧**

નં.એ.ડી.એમ/વશી/૪૪૭/૨૦૨૪ તા.૦૭/૧૨/૨૦૨૪

**જાહેર નોટીસ**

અરજદાર : પટેલ દશરથભાઈ ગંગારામ
રહે, કડવાસણ તા.જિ. મહેસાણા
વિરૂદ્ધ
સામાવાળાઃ (૧) જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી/તલાટી કમ મંત્રીશ્રી, કડવાસણ ગ્રામ પંચાયત, તા.જિ. મહેસાણા
(૨) આચાર્યશ્રી, શ્રી જયકોરબાઈ વિદ્યામંદિર મુ. ખેરવા તા.જિ.મહેસાણા

જન્મ નોંધણી :-

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રીની પુત્ર નામે 'પટેલ જશવંતકુમાર દશરથભાઈ' નો જન્મ 'તા.૦૧/૦૬/૧૯૭૬' ના રોજ ગામ કડવાસણ તા.જિ. મહેસાણા મુકામે થયેલ પરંતુ નિયમોની જાણના અભાવના કારણે તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ નોંધણી કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા વાંધા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૭/૧૨/૨૦૨૪ના રોજ મારી સહિ તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો

કોર્ટનો સિક્કો

સહિ/-
એકઝીક્યુટીવ મેજીસ્ટેટ
મહેસાણા (ગ્રામ્ય)

Volume : 10 Issue : 260 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002